જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૨/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૫૮/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૬૭,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૧૦૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**લુંટની ફરીયાદઃ** **સમાચાર યાદી નં.૨૧૬૧/૨૦૨૨**

**રામોલઃ** નીરજભાઇ કાલીચરણ ઓઝા (ઉ.વ.૨૭)(રહે.ચાણક્યપુરી સેક્ટર-૫ ઘાટલોડીયા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઓટોરીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ અન્ય અજાણ્યા પુરૂષે ભેગામળી નીરજભાઇ તથા તેમના બે મિત્રોને ઓટોરીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી, રામોલ સીટીએમ ચાર રસ્તા પહેલા રોડની સાઈડમાં છરી બતાવી, નીરજભાઇ તથા તેમના મીત્રોને લાફા મારી ત્રણેયના ખીસ્સામાંથી અલગ-અલગ ત્રણ મોબાઈલ ફોન કુલ કિંમત રૂપિયા ૨૮,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૭૫૦/- મળી કુલ રૂપિયા ૨૮,૭૫૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૨/૨૦૨૨**

**ચાંદખેડાઃ** મલ્લિકાબહેન વા/ઓ ભાવિકભાઇ પટેલ (ઉ.વ.૪૧)(રહે.કામેશ્વરી એનેક્ષી ફલેટ એસ.બી.આઇ બેંકની બાજુમા, મોટેરા સ્ટેડીયમ રોડ, મોટેરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રસોડામા રૂમાલ મુકવાની સ્ટીલની રીંગ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**કાલુપુરઃ** કાલુપુર ચોખાવટીયાની પોળ, ધનાસુથારની પોળ ખાતે રહેતા સુરજીતખાન કાનાઇખાન જાતે: ખાન(ઉ.વ.૨૦)(મુળ વતન: દોસોતીના પશ્ચિમ, મેદનીપુર ગોસદિહા વેસ્ટ બંગાલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૨ રાતના ૧૦/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે રહેણાંક મકાનમાં સીલીંગમાં લાગેલ કડા સાથે સુતરની દોરી અને પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.બી.ગામીત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી